36/18

# GUJARATI
## Paper - II
## OCT-10/06

Signature of Invigilators

1. ..........................................

2. ..........................................

Roll No. [ ][ ][ ][ ][ ]

(In figures as in Admit Card)

Roll No. ..............................

..............................................

(in words)

**Time Allowed : 75 Minutes]** **[Maximum Marks : 100**

---

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All** questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong method [A] OR [A]

4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
5. Read instructions given inside carefully.
6. Extra sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.
8. There shall be no negative marking.
9. Use of calculator or any other electronic devices is prohibited.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પાનાની જમણી બાજુની ઉપર દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર અંગ્રેજી કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : [A] ખોટી રીત : [A] , [A]

૪. આ પ્રશ્નપત્રના જવાબ સાથે આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ સામગ્રી પરીક્ષા ખંડની બહાર લઈ જવી નહીં.

૮. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા અમલમાં નથી.

૯. કેલ્ક્યુલેટર અથવા બીજા કોઈ પણ ઈલેક્ટ્રોનિક યંત્રોનો પ્રયોગ કરવાની મનાઈ છે.

**GUJARATI** **ગુજરાતી**

**PAPER - II** **પેપર-II**

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice/Assertion + questions/Matching questions. Each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. 'સિદ્ધહૈમશબ્દાનુશાસન' ના કર્તા કોણ છે ?

   (A) મમ્મટ (B) જગન્નાથ

   (C) હેમચંદ્ર (D) રામચંદ્ર

2. 'દશમસ્કંધ' કયા સ્વરૂપની કૃતિ છે ?

   (A) પ્રબંધ (B) આખ્યાન

   (C) ફાગુ (D) પદ્યવાર્તા

3. કઈ પંક્તિના કવિ નરસિંહ મહેતા છે ?

   (A) વૈષ્ણવ નથી થયો તું રે.... (B) વૈષ્ણવજન તો તેને રે કહીએ...

   (C) રૂડા દીસો છો રાજેશ્વર.... (D) રામરમકડું જડિયું રે....

4. કઈ કૃતિ પદ્યવાર્તા સ્વરૂપની છે ?

   (A) અનુભવબિંદુ (B) વસંતવિલાસ

   (C) રુસ્તમનો સલોકો (D) હંસાઉલિ

5. 'આજથી હું તારે ખોળે છઉં' એ ઉક્તિ કયા લેખકની છે ?

   (A) નવલરામ (B) નર્મદ

   (C) દલપતરામ (D) મહીપતરામ

6. 'સ્નેહમુદ્રા' કયા સર્જકની કૃતિ છે ?

(A) ગોવર્ધનરામ ત્રિપાઠી (B) મણિલાલ દ્વિવેદી

(C) બાલાશંકર કંથારિયા (D) નરસિંહરાવ દિવેટિયા

7. કાળુ અને રાજુનું પાત્રયુગ્મ કઈ કૃતિમાં આવે છે ?

(A) ના છૂટકે (B) મળેલા જીવ

(C) માનવીની ભવાઈ (D) વળામણાં

8. 'ટોળું' કયા સ્વરૂપની કૃતિ છે ?

(A) નિબંધ (B) ટૂંકી વાર્તા

(C) નવલકથા (D) નાટક

9. સમકાલીન નવલકથાકાર છે :

(A) ઝવેરચંદ મેઘાણી (B) કનૈયાલાલ મુનશી

(C) દર્શક (D) વીનેશ અંતાણી

10. નીચેની કઈ કૃતિના લેખક હસમુખ બારાડી છે ?

(A) રાઈનો પર્વત (B) રાઈનો દર્પણરાય

(C) રાઈનોસર્સ (D) જાલકા

11. 'ઈંધણા વીણવા ગૈતી મોરી સૈયરું...' પંક્તિના કવિ છે :

(A) રાજેન્દ્ર શાહ (B) નિરંજન ભગત

(C) પ્રહલાદ્ પારેખ (D) રમેશ પારેખ

12. 'પ્રકાશનો પડછાયો' કૃતિ કોના જીવન પર આધરિત છે ?

(A) મહાત્મા ગાંધી (B) ઈંદિરા ગાંધી

(C) હરિલાલ ગાંધી (D) રાજીવ ગાંધી

13. કયો છંદ અક્ષરમેળ છંદ છે ?

(A) અનુષ્ટુપ (B) શિખરિણી

(C) હરિગીત (D) મનહર

14. કયું ઉદાહરણ દૃષ્ટાંત અલંકારનું છે ?

(A) બાપ એવા બેટા, વડ તેવા ટેટા

(B) મા તે મા

(C) વેલ જાણે હેમની અવેવ ફૂલે ફૂલી

(D) ગુલાબી ગોટો ઈ તો અમારો પરણ્યો જો

15. મૈત્રેયીદેવીની જાણીતી કૃતિ છે :

(A) હાજાર ચુરાશીર મા (B) પ્રથમ પ્રતિશ્રુતિ

(C) ન હન્યતે (D) રેવેન્યૂ સ્ટેમ્પ

16. ગિરીશ કાર્નાડ કઈ ભાષાના નાટયલેખક છે ?

(A) મરાઠી (B) કન્નડ

(C) પંજાબી (D) અસમી

17. 'પેરેડાઈઝ લોસ્ટ' ના કવિ છે :

(A) શેલી (B) વર્ડ્ઝવર્થ

(C) દાન્તે (D) મિલ્ટન

18. બે લેખકો નાટયલેખક છે :

(A) મધુરાય – સિતાંશુ યશશ્ચંદ્ર

(B) હરિવલ્લભ ભાયાણી – જયંત કોઠારી

(C) ભોળાભાઈ પટેલ – પીતાંબર પટેલ

(D) હસમુખ પાઠક – નલિન રાવળ

19. બે ઉપનામ રા.વિ. પાઠકનાં છે :

(A) વાસુકિ – શ્રવણ
(B) શેષ – દ્વિરેફ
(C) પારાશર્ય – અકિંચન
(D) આર્યપુત્ર – નંદ સામવેદી

20. બે ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક વિજેતા છે :

(A) ઉમાશંકર જોશી – રાજેન્દ્ર શાહ

(B) ઝવેરચંદ મેઘાણી – પન્નાલાલ પટેલ

(C) સુંદરમ્ – સ્નેહરશ્મિ

(D) ગુલામમોહમ્મદ શેખ – લાભશંકર ઠાકર

21. બે જાણીતા બાળ સાહિત્યકારો છે :

(A) જ્યોતીન્દ્ર દવે – ધનસુખલાલ મહેતા

(B) જીવરામ જોશી – બકોર પટેલ

(C) રમણભાઈ નીલકંઠ – રમણલાલ દેસાઈ

(D) ગિજુભાઈ બધેકા – રમણલાલ સોની

22. બે વિવેચનગ્રંથો સુરેશ જોષીના છે :

(A) અર્વાચીન કવિતા – અવલોકના (B) અભિરુચિ – નિરીક્ષા

(C) કાવ્યચર્ચા – કથોપકથન (D) કાવ્યની શક્તિ – સાહિત્યવિમર્શ

23. વિધાન ક : ઔચિત્ય વિચારના પ્રવર્તક ક્ષેમેન્દ્ર છે.

વિધાન ખ : વક્રોક્તિ વિચારના પ્રવર્તક આનંદવર્ધન છે.

(A) ક અને ખ બંને સાચાં છે (B) ક ખોટું છે પણ ખ સાચું છે

(C) ક અને ખ બંને ખોટાં છે (D) ક સાચું છે પણ ખ ખોટું છે

24. વિધાન ક : અભિધા, લક્ષણા અને વ્યંજના શબ્દશક્તિના પ્રકારો છે.

વિધાન ખ : ઉત્તમ, મધ્યમ અને અધમ કાવ્યના પ્રકારો છે.

(A) ક અને ખ બંને ખોટાં છે (B) ક અને ખ બંને સાચાં છે

(C) ક સાચું અને ખ ખોટું છે (D) ક ખોટું પણ ખ સાચું છે

25. વિધાન ક : કાકા સાહેબ કાલેલકરની માતૃભાષા મરાઠી છે, લેખનભાષા ગુજરાતી છે.

વિધાન ખ : ફાધર વાલેસની માતૃભાષા સ્પેનિશ છે, લેખનભાષા ગુજરાતી છે.

(A) ક અને ખ બંને સાચાં છે (B) ક સાચું છે અને ખ ખોટું છે

(C) ક અને ખ બંને ખોટાં છે (D) ક ખોટું છે પણ ખ સાચું છે

26. વિધાન ક : 'રઘુવંશ' ના અનુવાદક ઉમાશંકર જોશી છે.

વિધાન ખ : 'સળગતાં સૂરજમુખી' ના અનુવાદક વિનોદ મેઘાણી છે.

(A) ક અને ખ બંને સાચાં છે (B) ક સાચું છે અને ખ ખોટું છે

(C) ક ખોટું છે પણ ખ સાચું છે (D) ક અને ખ બંને ખોટાં છે

27. વિધાન ક : 'લલિતા' રાવજી પટેલની નવલકથા છે.

વિધાન ખ : 'લલિતા દુઃખદર્શક નાટક' મણિલાલ હ. પટેલનું છે.

(A) ક સાચું છે અને ખ ખોટું છે (B) ક ખોટું છે પણ ખ સાચું છે

(C) ક અને ખ બંને ખોટાં છે (D) ક અને ખ બંને સાચાં છે

28. બે વાકયથી બનેલું કયું યુગ્મ સંપૂર્ણ સાચું છે :

(A) 'સોરઠ, તારા વહેતા પાણી' ના લેખક ઝવેરચંદ મેઘાણી છે, 'વેવિશાળ' ના લેખક ઈશ્વર પેટલીકર છે

(B) 'ગોવાલણી' મલયાનિલની વાર્તા છે, 'શામળશાનો વિવાહ' કનૈયાલાલ મુનશીની વાર્તા છે

(C) 'બાહુક' ના કવિ વિનોદ જોશી છે, 'શિખંડી' ના કવિ ચિનુ મોદી છે

(D) 'પરબ' ના સંપાદક રઘુવીર ચૌધરી છે, 'શબ્દસૃષ્ટિ' ના સંપાદક ભોળાભાઈ પટેલ છે

29. બે વાકયથી બનેલું કયું યુગ્મ સંપૂર્ણ ખોટું છે :

(A) 'તડકો' લાભશંકર ઠાકરનું કાવ્ય છે, 'અંધકાર અને હું' ગુલામ મોહમ્મદ શેખનું કાવ્ય છે

(B) 'વ્યાસંગ' ના વિવેચક જયંત કોઠારી છે, 'કાવ્યવ્યાપાર' ના વિવેચક હરિવલ્લભ ભાયાણી છે

(C) 'ખડકી' સુમન શાહની નવલકથા છે, 'કામિની' મધુ રાયની નવલકથા છે

(D) 'સમૂળી ક્રાંતિ' ના લેખક ગાંધીજી છે, 'હિંદ સ્વરાજ' ના લેખક કિશોરલાલ મશરૂવાળા છે

30. બે વાકયથી બનેલું કયું યુગ્મ સંપૂર્ણ સાચું છે :

(A) ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક રણજિતરામ છે, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ ગોવર્ધનરામ ત્રિપાઠી છે

(B) નર્મદનું વતન નડિયાદ છે, ગોવર્ધનરામનું વતન અમદાવાદ છે

(C) 'વતનથી વિદાય લેતાં' આત્મકથા છે, 'વનાંચલ' કવિતા છે

(D) શિરીષ પંચાલ કવિ છે, ચન્દ્રકાંત ટોપીવાળા નાટયલેખક છે

31. નીચેનામાંથી કયું જૂથ સંપૂર્ણ સુસંગત છે ?

(A) સુમન શાહ : સોનેટ કવિ, પ્રવાસ લેખક, 'સમીપે'

(B) સુમન શાહ : ચિત્રકાર, ફિલ્મ સમીક્ષક, ક્ષિતિજ

(C) સુમન શાહ : વિવેચક, વાર્તાકાર, 'ખેવના'

(D) સુમન શાહ : અનુ-ગાંધીયુગ, 'અસ્તિ', કુલપતિ

32. નીચેનામાંથી કયું જૂથ સંપૂર્ણ સુસંગત છે ?

(A) નવલકથા : સુરેશ દલાલ, પૂર્વાલાપ, કાન્તા

(B) નવલકથા : ગોવર્ધનરામ, 'છિન્નપત્ર', કાનજી અને જીવી

(C) નવલકથા : નીતિન મહેતા, ખરા બપોર, સરસ્વતીચંદ્ર

(D) નવલકથા : ઉશનસ્, મારી ચંપાનો વર, સાપના ભારા

33. નીચેનામાંથી કયું જૂથ સંપૂર્ણ અસંગત છે ?

(A) બ.ક. ઠાકોર : આપણી કવિતાસમૃદ્ધિ, ભણકાર, વિચારપ્રધાન કવિતા, નવીન કવિતા વિશેના વ્યાખ્યાનો

(B) ચં.ચી. મહેતા : કવિ, નાટ્યકાર, સુધારક યુગ, 'સંસ્કૃતિ' ના સંપાદક

(C) પ્રિયકાન્ત મણિયાર : પંડિતયુગ, નવલકથાકાર, ગઝલકાર, 'પ્રસ્થાન' ના સંપાદક

(D) હિમાંશી શેલત : વાર્તાકાર, સંપાદક, કવિ, અનુગાંધીયુગ

34. નીચેનામાંથી કયું જૂથ સંપૂર્ણ અસંગત છે ?

(A) સોનેટ, રાજેન્દ્ર શાહ, જૂનું ઘર ખાલી કરતાં, ગાંધીયુગ

(B) નરસિંહ મહેતા, કૃષ્ણભક્તિ, પદ, ઝૂલણા

(C) તણખા મંડળ-૧, મુકુન્દરાય, ઘટનાતત્વનો લોપ, હરીશ નાગ્રેચા

(D) સુધારકયુગ, મણિલાલ દ્વિવેદી, વિશ્વશાંતિ, ઊહાપોહ

35. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| **યાદી એક** | **યાદી બે** |
|---|---|
| (ક) કલાન્ત કવિ | (૧) છંદોલય |
| (ખ) બારી બહાર | (૨) અનિલ જોશી |
| (ગ) કદાચ | (૩) બાલાશંકર કંથારિયા |
| (ઘ) નિરંજન ભગત | (૪) અનુગાંધીયુગનો કાવ્યસંગ્રહ |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૨ | ૧ |
| (B) | ૩ | ૪ | ૨ | ૧ |
| (C) | ૪ | ૩ | ૨ | ૧ |
| (D) | ૩ | ૨ | ૪ | ૧ |

36. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| **યાદી એક** | **યાદી બે** |
|---|---|
| (ક) પ્રમાદધન | (૧) બૃહત પિંગળ |
| (ખ) રા.વિ. પાઠક | (૨) સાફલ્યટાણું |
| (ગ) સુંદરમ્ | (૩) સરસ્વતીચંદ્ર |
| (ઘ) સ્નેહરશ્મિ | (૪) દક્ષિણાયન |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૧ | ૪ | ૨ |
| (B) | ૪ | ૩ | ૨ | ૧ |
| (C) | ૧ | ૩ | ૪ | ૨ |
| (D) | ૨ | ૪ | ૩ | ૧ |

37. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| **યાદી એક** | **યાદી બે** |
|---|---|
| (ક) કલાપી | (૧) સોનેટ |
| (ખ) વિદાય | (૨) ઉશનસ્ |
| (ગ) મૌન | (૩) વીણાનો મૃગ |
| (ઘ) તૃણનો ગ્રહ | (૪) હરીન્દ્ર દવે |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૪ | ૨ | ૧ |
| (B) | ૨ | ૩ | ૪ | ૧ |
| (C) | ૩ | ૧ | ૪ | ૨ |
| (D) | ૨ | ૪ | ૧ | ૩ |

38. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| **યાદી એક** | **યાદી બે** |
|---|---|
| (ક) સુધારકયુગ | (૧) સંસ્કૃતિ |
| (ખ) પંડિતયુગ | (૨) સંજ્ઞા |
| (ગ) ગાંધીયુગ | (૩) ડાંડિયો |
| (ઘ) આધુનિકયુગ | (૪) સમાલોચક |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૨ | ૪ | ૧ | ૩ |
| (C) | ૩ | ૧ | ૨ | ૪ |
| (D) | ૩ | ૪ | ૧ | ૨ |

39. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| **યાદી એક** | **યાદી બે** |
|---|---|
| (ક) મીરાં | (૧) ગરબા |
| (ખ) ભાલણ | (૨) રુસ્તમનો સલોકો |
| (ગ) શામળ | (૩) પદ |
| (ઘ) વલ્લભ મેવાડો | (૪) કાદંબરી |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૧ | ૨ |
| (B) | ૩ | ૪ | ૨ | ૧ |
| (C) | ૪ | ૩ | ૨ | ૧ |
| (D) | ૧ | ૨ | ૪ | ૩ |

40. કયું વિગત જૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?

(A) સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી

(B) હેમચંદ્રાચાર્ય, નરસિંહ, અખો, દયારામ

(C) પેરેલિસિસ, પારકા જણ્યાં, કરણઘેલો, સરસ્વતીચંદ્ર

(D) નર્મદ, કાન્ત, ઉમાશંકર જોશી, રાજેન્દ્ર શાહ

41. કયું વિગત જૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?

(A) તથાપિ, કૌમુદી, બુદ્ધિપ્રકાશ, રુચિ

(B) નવલરામ, કેશવ હર્ષદ ધ્રુવ, રામપ્રસાદ બક્ષી, વિજયશાસ્ત્રી

(C) ગોવાલણી, ભૈયાદાદા, ખોલકી, થીંગડું

(D) એગામેમ્નોન, ઓથેલો, થ્રી સિસ્ટર્સ, વેઈટીંગ ફોર ગોદો

42. કયું વિગત જૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) કોડિયાં, કયાં, વસુધા

(B) કાલિદાસ, અશ્વઘોષ, વાલ્મીકિ

(C) ધ્વનિવિચાર, રમણીયતાવિચાર, વક્રોક્તિવિચાર

(D) કરણઘેલો, જય સોમનાથ, સોમતીર્થ

43. કયું વિગત જૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) આત્મકથા, અછાંદસ, આખ્યાન

(B) ફાગુ, નવલકથા, સોનેટ

(C) ગરબી, ગઝલ, બારમાસી

(D) ટૂંકી વાર્તા, મહાકાવ્ય, નિબંધ

44. આજકાલ સાહિત્યનું વાચન ઘણું ઓછું થાય છે :

(A) લોકો નિરક્ષર છે

(B) લોકો પાસે સમય નથી

(C) સમૂહમાધ્યમોનું આક્રમણ જવાબદાર છે

(D) લોકોમાં વાચન રુચિ નથી

45. સાહિત્ય સંશોધનનું સ્તર સાવ નીચું ગયું છે :

(A) સંશોધન માટેની સજ્જતાનો અભાવ છે

(B) સંશોધન માટે માર્ગદર્શકો મળતા નથી

(C) સંશોધન માટેના વિષયો મળતા નથી

(D) સંશોધનની કોઈ ઉપયોગિતા નથી

નીચે આપેલા કાવ્યને આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો ઉત્તર દર્શાવો :

**તીર્થોત્તમ**

બાલમુકુંદ દવે

ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની
પુરી, કાશી, કાંચી, અવધ, મથુરા ને અવર સૌ
ભમ્યો યાત્રાધામો, અડસઠ જલે સ્નાન કરિયાં,
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોદક ભરી.
છતાં રે ના લાધ્યું પ્રભુ ! પુનિત એકકે તીરથ, જ્યાં
શકે મારી છીપી ચરમ મનીષા તું-દરશની !
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં,
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !

અમે બે સાંજુકાં સહજ મઢીઓટે નિત પઠે
વળ્યાં'તાં વાતોએ, નયન નમણાં ને સખીતણાં
ઢળ્યાં'તાં વાત્સલ્યે, મૃદુલ નવજાતા કલી પરે–
ઝૂકી, ઢાંકી જેને અરધપરધા પાલવ થકી
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃતઝરા !
મને એ ચક્ષુમાં પ્રભુ ! જગતતીર્થોત્તમ મળ્યું.

46. આ કાવ્યમાં કયો છંદ પ્રયોજાયો છે ?

(A) પૃથ્વી (B) હરિણી

(C) મંદાક્રાન્તા (D) શિખરિણી

47. આ કાવ્યનું સ્વરૂપ છે :

(A) ગીત (B) ગઝલ

(C) સોનેટ (D) ખંડકાવ્ય

48. આ કાવ્ય કયા કાવ્યસંગ્રહમાં છે :

(A) બારી બહાર (B) પરિક્રમા

(C) સ્વપ્નપ્રયાણ (D) પુનરપિ

49. આ કવિ કયા યુગના છે :

(A) અનુ-ગાંધીયુગ (B) ગાંધીયુગ

(C) પંડિતયુગ (D) આધુનિકયુગ

50. આ કાવ્યમાં કોનો મહિમા છે :

(A) પુત્ર (B) પત્ની

(C) માતા (D) પિતા

ROUGH WORK